મણીઆર વાત સીરીઝ પુષ્પ ૧ લું.

પાંચ લાખનું પોલકું

પ્રકાશક—એમ. એમ. મનીયાર.

કાળુપુર-[illegible], અમદાવાદ



કીંમત ૦—૨—૦

વસંતની વધાઇ.

રસિલી વસંત આવી, સિંગારો બાગના લાવી;
દીધાં પુષ્પ ખિલાવી, સુગંધી ખુબ રેલાવી.
ચુંટાવી પુષ્પના કયારા, બનાવ્યાં તેલ બહુ ન્યારાં;
શીરોનાં દર્દ હરનારાં, વિદેશી વસ્તુથી ન્યારા.
ગુલાબ, મોગરો, ચમેલી, સુગંધી આંબળે મેલી;
મસ્તકે નાંખે નવેલી, રહે રસ બસ મહીં રેલી.
પછી પ્રિતમ પાસ આવે છે, ઉમંગથી આજ ભાવે છે;
નિરાળો રંગ લાવે છે, સૌંદર્યમાં કેશ ફાવે છે.
પ્રિયુજી પ્રેમથી બોલે, હૃદયને આજ તો ખોલે;
ભલે લખ્ખો બને તેલો, ન મણીયારને તોલે.
વાયુ ગરમીના વાગે, શિરોમાં વેદના થાએ;
દુઃખો સૌ દૂર તો જાયે, ગુણો સત્વના ગાએ.
હરિફોની હરિફાઇથી, વિદેશીની સફાઇથી;
અન્યુ સર્વ જફાઇથી, અમારૂં આંબળાનું તેલ.
વિદ્યાર્થી સેંકડો આવે, સંદેશા નારીઓ કહાવે;
ઓર્ડરો પોસ્ટ તો લાવે, હરિફો લેશના ફાવે.
નથી વાઇટ ઓઇલ જેમાં, શુદ્ધ તેલ છે તેમાં;
મધુરી વાસ છે એમાં, મળે છે સર્વ ઠામોમાં.
વધારી મગજની શાન્તિ, અર્પતું મુખને ક્રાન્તિ;
ટાળી સર્વ અશાન્તિ, ન રહે લેશ કંઇ ભ્રાન્તિ.
ગિરીની વનસ્પતિ લાવી, સુગંધી ખુબ મિલાવી;
ધારી બાજીમાં ફાવી, દીધાં દિલ બ્હેલાવી.

મણીયાર વાર્તા સીરીઝ પુષ્પ ૧ લું.

પાંચ લાખનું પોલકું

લેખક

ગીરધરલાલ ભાણજી ઠક્કુર

પ્રકાશક

એમ એમ, મનીયાર.

કાળુપુર—ટીકવાચોકી, અમદાવાદ.

ઇ. સ. ૧૯૨૦ પ્રત, ૧૦૦૦.

વિ. સ. ૧૯૭૬ આવૃતિ ૧લી.

અમદાવાદ

જમાલપુર રોડ ઉપર "નટવર" પ્રીન્ટીંગ પ્રેસમાં

ભોગીલાલ નારણદાસ ખોડીવાળાએ છાપ્યું.

કીંમત ૦—૨—૦

લેખકના બે બોલ.

આવા ન્હાનકડા પુસ્તકના અંગે પ્રસ્તાવના શી? પણ જમાનાને અનુસરી બે બોલ લખવાની તો જરૂર જોઉંછું.

હું પોતે સ્ત્રી કેળવણીનો વિરોધી નથી; પણ જે ઉપલકીયા અને અર્ધદગ્ધ કેળવણી અપાય છે, તેતો સાંખી ન શકાય એક બાજુ દેશ–કાળને અનુસરી શાળાની કેળવણી અપાય અને બીજી બાજુ ગૃહકેળવણી અપાય તોજ સ્ત્રી જીવન રસમય બને. માત્ર ધારાસભાની ઉમેદવાર, વિદ્વાન વકિલ કે બાહોશ બેરિસ્ટર અથવા પુરૂષોના જેવા બીજા હોદ્દા આપવાથી તે જીવન સુખમય નહિ થાય એટલુંજ નહિ પણહાલ જે તેમની માન મર્યાદા જળવાય છે તે પણ નહિ રહે.

બીજી બાજૂ સ્વાર્થી માબાપો સ્વાર્થના અંગે પુત્રીને હદ વિનાની છૂટ આપે છે તે શું ભારત જેવા પવિત્ર દેશને યોગ્ય છે? મધુરી જેવી ચાલાક બાળાને જો યોગ્ય કેળવણી આપવામાં આવી હોત અને હદ બહારની છુટ ન આપી હોત તો ભયંકર પરિણામ ન આવતે! એટલુંજ નહિ પણ એનું જીવન સંપૂર્ણ રસમય બનત.

બીજી બાજૂ યુવકોની પણ એવીજ દશા છે. અને તે આ બુક માંના પાત્ર મી. રસીકલાલનો દાખલો વાંચવાથી સાફ જણાઈ આવશે.

સેવક તરફથી લખાયલી આ ન્હાનકડી બૂક પ્રજામાં જેમ બને તેમ વધારે ફેલાય અને વંચાય એટલા માટે મ્હારા પ્રિય સ્નેહી મી. એમ. એમ. મનીયારે માત્ર પડતર કિંમતેજ વેચવાના નિશ્ચયથી પ્રકટ કરી અને આ બુક લખાતી વખતે પ્રિય સ્નેહી ભાઈ અબદુલ રહેમાન કાળુભાઈ માસ્તરે જે વખતો વખત યોગ્ય સલાહ આપી તે બદલ બન્ને ઇસલામી બન્ધુઓનો જીગર પૂર્વક આભાર માનુંછું.

પ્રિય વાંચક બન્ધુઓ અને બગિનીઓ આ બૂકના અંગે હંસવૃત્તિ રાખી સેવકની ભૂલચૂક માફ કરશો.

લી. સેવક,

ગિરધરલાલ. ઠક્કુર.

પાંચ લાખનું પોલકું.

....

" અરે, એ ત્રણ વખત કહ્યું છતાં સાંભળતી નથી, જરા પાણી લાવને!" ભાનુશંકરે પત્નીને હાક મારી કહ્યું.

" જુઓ હું ત્હમને સાફ કહું છું કે, મ્હારા બાપે ત્હમારા જેવા કંજુસને ચાકરડી તરીકે નથી પરણાવી" અને જો એમજ હોતતો ત્હેને ત્યાં સેંકડો ચાકરો પેટ ભરે છે તેમ હું પણ ભરત સમજ્યા, માટે જે કામ સોંપો તે પ્હેલા વિચારજો." મધુરીએ રોફમાં જવાબ આપ્યો.

ભાનુ:—" શું હું કંજુસ ?"

મધુરી:—હા, હા ! એક વખત નહિ સત્તર વખત.

ભાનુ—ત્હેની સાબીતી ? "

મધુરી—સાબીતી ! સાબીતી ઘણીએ છે, આજ પંદર દિવસથી એક પોલકાના માટે બુમો મારી રહી છું, પણ ત્હમે કરાવી આપ્યું ! હજુ બીજી શી સાબીતી માંગો છો ? !

ભાનુ—ગાંડી, જરા વિચારતો કર. મ્હારાં અને તહારાં લગ્ન થયે હજુ ત્રણ માસ પૂરા થયા નથી ત્યાં સુધીમાં લગભગ છ હજારનું બિલ ચૂકવ્યું, તે પણ મ્હેં જાણ્યું કે ખેર, ભી હજુ તોએ

ભીચડીમાં છે. પૈસા પાણીમાં નથી ગયા. સોનું-ઝવાહીર ઘરમાં પડયું હશે તો જતે દહાડે પાંચ પચ્ચીશ ઓછે વતે નાણું થઇ જશે. પણ આતો પાંચનું કપડું અને પચ્ચીશ શિલાઇ! તે ગળે કેમ ઉતરે. આની રીતે ફોકટમાં નાણાં ઉડાવી દેવા મ્હેં એકઠા નથી કર્યાં પરસેવો ઉતર્યો છે અને પરિશ્રમ પડયો છે. સમજ્યાં સાહેબ!

મધુરી—સમજુ છું. જો આવી રીતે નાણાં ખરચવાની ત્રેવડ નહોતી તો કોઈ ગામડાની ગમાર લાવવીતી. એક સુધરેલી, કેળવાયલી અને શાણી સ્ત્રીનો ભવ નહોતો બગાડવો. મ્હારા બાપે પ્રથમ આવો વિચાર ન્હોતો કર્યો કે ત્હમે લખ્ખોપતિ હોવા છતાં આવા દમડી ચોર હશો. પહેરવાને પૂરતાં કપડાં, અંગ પર દાગીના, ફરવાને ગાડી અને ખરચવાને પુરતા પૈસા તો જોશે એ બીજા પાસે માગવા નહિ જવાય હા, હું ત્હમને કહું છું,"

ઉપરોકત ઝઘડો ચાલતો હતો એવામાં નીચે ટન-ટન-ટન-કરતી સાયકલની ઘંટડી સંભળાઈ. મધુરીએ બારીમાંથી દૃષ્ટિ ફેંકી તો જેની ફિકરમાં હતી તેજ આવી પહોંચ્યા. સાયકલ હવેલી પાસે ઉભી રહી અને ઉપરનો પુરૂષ ત્યાંજ ઉતર્યો. મધુરીએ બારીમાંથી અવાજ કર્યો,—"મી. રસીકલાલ સીધા ઉપર પધારો" રસીકલાલ સીધો ઉપર આવ્યો અને જુવે છે તો મધુરીના પતિદેવ ઘેરજ છે જરા ખંચાઇ-ગભરાઈ અને શરમથી બે કદમ પાછો હઠયો, ત્યાંજ મધુરી બોલી ઉઠી,—"આવો, આવો અંદર આવો-સાંભળો છો, જરા વાર ત્હમે ઉપરના હોલમાં જાઓ. મ્હારે રસીકલાલના સાથે કેટલીક ખાનગી વાત કરવાની છે ત્હેણે બાલ્યાવસ્થાથી મ્હારા લગ્ન થયાં પહેલાં દશ બાર વરસ સુધી મ્હારી સાથે અભ્યાસ કરી

છે અને ભાઇ–બ્હેનના જેવો સંબંધ જાળવી રાખ્યો હતો તે હજુ પણ ચાલુ છે–"

ભાનુ—"તો પછી જયાં ભાઇ બ્હેન વાતો કરતાં હોય ત્યાં મ્હારી શી અડચણ છે ? ખુશીથી વાતો કરો."

મધુરી—હું ત્હમારી સાથે વધારે વાદવિવાદ કરવા નથી માગતી. બસ એક વખત કહ્યું કે, મ્હારા ખાનગી કામમાં માથું મારવાનો ત્હમને કશો અધિકાર નથી, માટે ઉપર જાઓ, અને જમાનાને જાણો."

અરે રે! જમાનાને તો ત્હને પરણ્યો ત્યારથીજ જાણી ચુક્યો છું હવે નવું જાણવાનું શું છે! આમ ભાનુશંકર સ્વગત વિચાર કરતા હતા ત્યાંજ રસીકલાલ વચ્ચે બોલી ઉઠયો:—મીસ્ટર આએ ખરૂંજ કહે છે કે, જમાનાને જાણો.'

"અરે! ત્હમે વચ્ચે બોલનારા કોણ? ભાનુશંકરે હવે જરા તપીને કહ્યું.

એટલામાં મધુરી ભડકી ઉઠી, બસ્સ ચુપ રહો, એ બોલનાર કોણ! એ મ્હારા ભાઇ છે!! સંકટમાં સપડાએલી પોતાની એક બ્હેનને હેલ્થ કરવા આવેલા છે."

ભાનુશંકર દબી ગયા અને જમાનાને જાણી આ વખતે તો ઉપર ચાલ્યા ગયા.

૨

પ્રિય વાંચક! હવે ગત પ્રકરણના હમારી વાર્તાનાં પાત્રોનું ઓળખાણુ કરાવીએ છીએ.

માધુરી રાજનગરના એક જાણીતા સુધારક મી. ધમાલશંકરની લાડલી પુત્રી છે. મી. ધમાલશંકર લાંબા સમયથી સ્ત્રી સુધારાના અને સ્ત્રીઓના હિમાયતી છે જ્યાં કોઇ પણ સ્ત્રી સુધારાની વાત હોય ત્યાં ધમાલશંકરની સ્વારી અગ્રેસર. આજે સ્ત્રીઓને ધારાસભામાં બેસવાનો હક્ક માગવાનો છે, ત્હેને સમાજ તરફથી જોઇતી છુટ મેળવવાની છે. વિદ્વાન વકીલ બાહોશ બારીસ્ટર સ્ટેશન માસ્તર અને ન્યાયાધીશના હુદ્દાપર બસ સ્ત્રીઓનેજ રાખવી જોઇએ. વીગેરે બાબતમાં આપણા સાહેબ આગળ વધીને આકાશ પાતાળ એક કરી મુકતા એવા કેળવાયલા પીતાની આ પુત્રી છે. કોઇ કદાચ શંકડો વાંચક હમોને પ્રશ્ન કરશે કે જ્યારે એવા પિતાએ મધુરી જેવી કેળવાયલી (!) જમાનાને જાણનારી પુત્રીને આવા બોથડ જેવા વ્યાપારી બીજવરને કાં આપી? શું ત્હેને રંગીલો, રસીલો, છબીલો અને બાપની કમાઇપર તાગડધીન્ના કરવાવાળો, છતી આંખે ચશ્મા ચડાવી ધાંચીનો હાથી બનવાવાળો, વાંકો સેંથો પાડી ગળે કુતરાનો પટો પહેરનારો અને જમાનાને જાણનારો અક્કડ ફક્કડ યુવક ન મળ્યો.?

પણ બાબત કંઇ જૂદીજ હતી. એવા યુવકોતો શહેરમાંથી એક કહેતા એકસો મળતા હતા અને મી. ધમાલશંકરને એ બાબત માટે છાપાઓમાં જાહેરખબરો કંઈ આપવાની નહોતી કારણ કે તેવા બિચારાઓતો ઉલટા ઘરના ખાસડા પહેરીને મી. ધમાલશંકરને આંગણે ફાડતા હતા.

ભાનુશંકર ભાગ્યબળે અને પરિશ્રમે આજે લખ્ખોપતિ કહેવાતા હતા. ઘરની બે એક મિલો હતી. પ્રથમની પત્ની વિના છોરૂએ મરણ પામી હતી. નવી કરવાનો શેઠનો બહુએ વિચાર હતો કારણ કે જૂની પત્નિથી તેઓ સુખી થયા ન્હોતા. જ્યારથી પરણ્યા ત્યારથી અવર-નવર માંદીજ રહ્યા કરતી હતી. પોતે ખાનદાન કુળના હોઇ એક પર બીજી કરવાનો ધિક્કાર હતો. આખરે પત્નિ મરવાથી પીડામાંથી પત્યા પણ આ વયે હવે બીજો દિકરી કોણ આપશે એ પિડા પાછી જાગી.

આ બાજુ મી. ધમાલશંકર કે જે મૂળથી દયા પ્રભુની; જજમાનની જય હો, ઈત્યાદી શબ્દો વડે કુટુંબનું પોષણ કરતા હતા. એવામાં એક દિવસ એક શ્રદ્ધાળુ યજમાને આ દારિદ્ર દેવને સહકુટુમ જમ-વાનું કહ્યું. જમાડી જણદીઠ એક રૂપિયાની દક્ષિણા આપી ચાર છોકરાં અને બે પોતે મળી લગભગ આજે છ રૂપિયા મળ્યા ધમાલશંકરના હૃદયમાં આજે હર્ષ સમાતો ન્હોતો. રસ્તે આવતાં હાથમાં એક ન્હાનું પાકીટ લઇને એક માણસને લોટરીની ટિકીટો વેચતાં જોયો. ધમાલશંકરે પાસે જઇને પૂછ્યું તો તે ફક્કડ જુવાને જવાબ આપ્યો કે, મહારાજ આમાંથી ટિકીટ ખરીદવાથી લાખો રૂપિયા મળે છે. ધમા-લશંકરે આજે પ્રભુનું નામ લઈ પાંચ ટિકીટો ખરીદી, ભાગ્ય બદલાયું. જન્મદારિદ્રે ખરીદી લીધી અને મહિનો પૂરો થતાં લોટરી ખુલ્લી ત્યાં ધમાલશંકરને રૂપિયા પંચોતેર હજારનું ઇનામ આવ્યું.

હવે આજે તે ધમશોધાણી નથી રહ્યા પણ મી. ધમાલશંકરના નામથી ઓળખાવા લાગ્યા આ ઇજ્જતમાં એકાદબે રાંડી રાંડીનો અનાયતો પણ હાથ લાગી ગઇ. અને થોડા સમયમાં મી. ધમાલ-શંકરે એક કાપડનું મિલ ઉઘાડ્યું. મિલ બે ચાર માસતો સારૂં ચાલ્યું

પણ હરામનું ક્યાં સુધી આખરે આબાજુ મિલમાં આગલાગી અને બીજી બાજુ વિમા કંપનીએ દેવાળું કહાડયું. હવે મી. ધમાલશંકર મુંઝાયા. એવામાં ભાનુશંકર સાથે ઓળખાણ થઇ ભાનુશંકર, મી. ધમાલશંકરને ત્યાં આવવા જવા લાગ્યા. ધમાલશંકરે પણ જમાનાને જાણી એવી સરસ ધમાલ ગોઠવી દીધી કે બસ ના પૂછો ! જ્યારે જ્યારે મી. ભાનુશંકરની પધરામણી થતી ત્યારે ત્યારે હેની સેવામાં મધુરી હાજરજ હોય અને તે તાબેદારી પણ એવી ઉઠાવે કે, બસ ના પૂછો; ભાનુશંકર હવે પીંજરામાં પૂરાયા. મધુરીની મોહની લાગી. પણ તેના પિતાને કેમ પૂછાય ! આખરે એકાદ બે માણસ પાસે પૂછાવ્યું. ઉત્તર મળ્યો કે, મ્હારી હીરા જેવી પૂત્રી હું એવા બીજ વરને શી રીતે આપું ? અને કદાચ આપું તો સ્ત્રી સુધારક સમાજમાં મારે માટે શું કહેવાય ? પણ આ બધું દુઃખે પેટમાં અને કૂટે માથું, વાળું હતું. મી. ધમાલશંકરને માત્ર ધનજીભાઇનું ધ્યાન હતું. અને જો ભાનુશંકરભાઇનું ભાન એ બાબત ગયું હોત અને પાંચ પચ્ચીશ કોથળીનું કહેવરાવ્યું હોત તો તુર્તજ વર રાજા બની વાજાં વગડાવત. અને પછી આખરે બસ ના પૂછો ! એ વાત લાંબો સમય છુપી રહી નહિ. આખરે મી. ધમાલશંકરની ડૂબતી નૌકા ભાનુશંકરભાઇના હાથે પાર ઉતરી- અને મધુરીના લગ્ન ભાનુશંકર સાથે થયાં.

રસીકલાલ રાજનગરના એક પ્રખ્યાત ઝવેરીનો પુત્ર હતો. બાલ્યાવસ્થામાંથી ખોટા લાડ લડાવેલાં હોઇ યુવાવસ્થામાં પુત્રમાં જોઇ તેવા સંસ્કારોથી વિહિન રહ્યો હતો. હેના પિતાની માણેકચોકમાં સારી છાપ હતી. ગમે તેવો ઝઘડો પડયો હોય અને જ્યાં પ્રેમચંદ શાહ આવ્યા કે તેનો નિકાલ! પણ દૈવની મતિ વિચિત્ર હોય છે. એક

દિવસે સ્હાંજે અચાનક હૃદય બન્ધ પડી જવાથી પરલોક વાસી થયા. આ બાજૂ રસીકલાલને નતો ત્હેની ગમી કે નતો શોક! બસ! હવે કોણ પૂછનાર છે? કાલાંઘેલી માતા અને જૂનો પૂરાણો વૃદ્ધ મુનિમ બન્નેને રાત્રિ દિવસ કપાળ કૂટયાજ કરે! અહિં સાંભળે છે કોણ? આજે ઘોડાની સરતમાં તો કાલે જુગારમાં તો પરમ દિવસે રાંડોના જલસામાં રાવસાહેબની હાજરી જોઇ લેવી. પાસે પૈસો પુષ્કળ હોઇ દોસ્તો પણ ઘણા વીંટળાઇ આવ્યા. બાઇ શેઠ; મહેરબાન લાલાજી અને જનાબેમંદના પોકારોથી બાઇ જ્યાં જતાં ત્યાં સાર વાતાવરણ ગુંજી રહેતું. છેવટે મધુરીના પ્રેમમાં તો એટલો બધો લપટાઇ ગયો હતો કે, મળ્યા શિવાય એક દિવસ ચેનજ પડતું નહિ. પિતાએ મ્હેનત કરી ખાનદાન કુળની કન્યા પરણાવી હતી પરન્તુ એ બિચારી જૂના વિચારની અને ધાર્મિક જ્ઞાનવાળી હતી. શાન્તિપુરના સાના, સેન્ટ—લવંડર અને અત્તરનો શોખ ન્હોતો, ફેન્સી પોશાકમાં સજ્જ થઇ બે ઘેડાની ફેટીનમાં પટીયા પાડી લેડીના માફક બેસવાની બાધા હતી. ગાર્ડનપાર્ટી કે ડાન્સનું તો નામે જાણતી ન્હોતી. માત્ર એકજ ઇન્દ્રિયનું જ્ઞાન ધરાવતી હતી તે એ કે, પતિ તે પ્રભુ અને ત્હેની સેવા કર્યાથી આ માનવ જન્મ સફળ થાય છે. શાન્તિ, દયા અને ક્ષમાની મૂર્તિ હતી. લજ્જા, વિનય અને વિવેક ત્હેના સુંદર ચ્હેરાપર ટપકી રહ્યાં હતાં. કહો હવે આવી સ્ત્રી સુધરેલા રસીકલાલને શી રીતે ગમે. મધુરીના પિતાનું ઘર પોતાની હવેલીના રહામેજ હતું. વળી સાથે ભણેલા અને સુધરેલા સ્વતંત્ર વિચારના પછી શું પુછવું? જ્યાં સુધી રસીકલાલના પિતા હયાત હતાં ત્યાં સુધી તો કંઇ દાબ હતો; પરન્તુ જ્યાં એ પવિત્ર મૂર્તિની આંખ મિંચાણી, અને પુત્રે ઉત્તર ક્રિયા તો ફરીજ નહિ કારણ કે એ બધુ તો સાયેજ હમ્બગ છે. મધુરી ઉપલેકરીતે

બાઇનો સંબંધ રાખતો હતો પણ અમે તો સાફ જાણીએ છીએ કે, અંદર તો સાફ ઘોસ ગોટાળો હતો.

"બોલો મારી મીઠી મધુરી શા વિચારમાં ?" રસિકલાલે પ્રેમથી પૂછ્યું. મધુરી આજે એકલીજ વિકટોરિયા ગાર્ડનમાં ફરવા આવેલી હતી. અને પાછળથી રસીકલાલ આવી પહોંચ્યા.

"વ્હાલા, વિચાર તો ઘણા જૂદા છે, પરન્તુ પૂર્વનાં પાપ કોણ જાણે ક્યારે પૂરાં થશે. બાકી મ્હને તો એ મૂઆ બોથડનું મ્હોં જરાએ ગમતું નથી. પણ શું કરૂં. ના ઇલાજે બધું સ્હેવું પડે છે. જો જરા આગળ પગલું ભરૂંછું તો પિતાને હરકત આવે છે કારણ કે મારા પિતાને હાલ તે મૂઆની ઘણી જરૂર છે. જો તે જરા ખસી જાય તો પિતાજીની મોહન મીલનો મોહ ભાંગી જાય અને ફ્લોર ફેક્ટરી ફીકી પડે. નહિ તો હદયાધાર ! મધુરી એક પળ પણ આ દારૂણ દુઃખ સહન કરે ખરી ? અને રસીકથી અલગ પણ રહે ? મધુરીએ બળાપો ખાલી કર્યો.

"પણ ત્હારા પિતાને જરૂર કેટલા રૂપિયાની છે એ તો મ્હને કહે ?"

રસીકે ખુલાસો માગ્યો. "આશરે અઢી લાખની." મધુરીએ કહ્યું. "ઓહોહો ! હવે એટલી તો શિલિક મારી પાસે નથી. પણ હા, રોસલીને છ એક મહિનાથી ક્ષયનો વ્યાધી લાગુ પડયો છે અને તે જો પતી જાય તો લગભગ બીજા ચાર લાખ મળી જાય."

મધુ:—"પણ પેલી છે ને ?"

રસીકઃ—હવે એનું તો નામજ જવા દેને, એને ગણે છે કોણ ? બહુ કરશે તો પચ્ચીશેક હજાર એના નામના બેંકમાં જમે કરાવી દેશું તે ખાધા કરશે. બસ ટિનપાટ ? "

મધુઃ—મનમોહન, ત્હમારામાં આટલી બધી સત્તા હશે એ તો મ્હેં આજજ જાણ્યું. ઠીક છે હવે તમે ત્રેવડમાં રહેજો.

સમય જતાં વાર લાગતી નથી. રસીકલાલનાં માતા પણ આજે ગુજરી ગયાં. અઢળક સંપત્તિ રસીકલાલના હાથમાં આવી, બસ પછી શું પૂછવું ? મધુરીની મીઠી વાણીમાં મુગ્ધ બનેલા યુવકને આજૂ બાજૂનું કે ભવિષ્યનું ભાન રહ્યું નહિ. અને લાખોની રકમ મી. ધમાલશંકરના ઘેર પહોંચાડી.

આ બાજૂ ભાનુશંકરનું ભાન ઠેકાણે આવ્યું. મધુરીના પર કંટાળો આવવા લાગ્યો. રાત્રિ દિવસ ઉદાસ રહેવા લાગ્યા. હાલતાં ચાલતાં અને કામ કાજમાં ઊંડા નિશ્વાસો નાંખવા લાગ્યા. માનસિક વ્યાધિને લઇ શારિરિક સંપત્તિ ખવાવા લાગી. મધુરી આવા ટાઇમમાં હમ્મેશા બાપને ઘેરજ પડી રહેતી. કારણકે હવે ત્હેના પિતાનો સ્વાર્થ સરી રહ્યો હતો. આખરે એક દિવસ સ્હાજે ઘેર જઇ પોતાનાં તમામ કપડાં લતા અને દાગીના શેઠની ગેરહાજરીમાં લઇ નોકરને કહેતી આવી કે,—" શેઠને કહેજે કે હું આવતી કાલે યાત્રાએ જવાની છું તો ત્યાં લગભગ બે મહિના લાગશે. " આમ કહીને પિતાને ત્યાં ચાલી આવી.

શેઠે ઘેર આવીને સમાચાર સાંભળ્યા, શોકનો પાર રહ્યો નહિ. તુર્તજ મધુરીના પિતાને ત્યાં ખબર કહડાવી તો સમાચાર મળ્યા કે, દશ વાગ્યાની ટ્રેનમાં અત્રેથી કાશી ગઇ છે. સાથે એમ પણ કહેવ-

રાવ્યું કે, ત્હમારા જેવા જુલ્મીના પંજામાંથી મુક્ત થઇ છે. આ સમાચાર સાંભળી ભાનુશંકરને ક્રોધનો ભડકો ઉગ્યો અને ઘરમાં ચારે બાજૂ દૃષ્ટિ ફેરવીને જોયું તો મધુરીની એકકે ચીજ જોવામાં આવી નહિ. આખરે પેટી પટારામાં તપાસ કરી તો અત્યાર સુધીમાં પ્રેમથી પોતે લગભગ સાઠ હજારના જે દાગીના કરાવી આપ્યા હતા તે પણ ગેપ છેવટે તમામ સરવાળો ગણતાં મધુરીના પાછળ લગભગ પાંચલાખનો ખરચ થયો! હવે ભાનુશંકરનું ભાન ઠેકાણે આવ્યું. અને ખડીયો કલમ લઇને ભગ્ન હૃદયે મી. ધમાલશંકરને પત્ર લખ્યો. એટલામાં અચાનક તેને યાદ આવ્યું કે, મધુરીમા મુગ્ધ થવાનું કારણ તેના શરીરપર ધારણ કરેલું પોલકુંજ હતું આ પોલકું તેણે અત્યાર સુધી પ્રાણની માફક તીજોરીમાં જાળવી રાખ્યું હતું. તે ઉઠીને બહાર ક્હાડયું અને પછી પત્ર લખી નાંખ્યો.

" વ્હાલા મી. ધમાલશંકર તથા અં. સૌ. પત્ની.

લખવાનું કે ત્હમારા પરિચયને આજે એક વર્ષ પૂરૂં થાય છે. અને ત્હમારી વ્હાલી સુધરેલી પુત્રીના મ્હારા સાથે થયેલા લગ્નને માત્ર આજે આઠ માસ થાય છે. તે દરમિયાન મ્હારાપર જે જે વીતી છે તેનું હું લંબાણ વિવેચન કરવા માગતો નથી. પણ આજે હિસાબ જોતાં તમને આપેલી રકમ અને મિથ્યા મોજ શોખમાં મધુરીએ ખરચેલી રકમ મળીને રૂપિયા પાંચલાખ થવા જાય છે અને ત્હેના પેટે જો કંઈ જમે થયેલું હોય તો આ નોકરના સાથે મોકલેલું પોલકું છે જે મધુરીની અજાણમાં અને ત્રીજોરીમાં સાચવેલું હોઇ રહી ગયું છે. મારે શરમ છોડીને કહેવું પડે છે કે, જ્યારે તે આ પોલકું પહેરતી ત્યારે હું લટુ બની જતો. અને પોલકાના ભપકાને લીધેજ મ્હેં મ્હારી આ ગંજાવર રકમપર કાંડી મૂકી છે. તો હવે

પાંચલાખના પોલકાને સાચવી રાખજો અને તે પ્હેરાવી બીજા કોઈ મ્હારા જેવા હૈયા ફૂટયાને દશલાખમાં મૂંડજો. બાદ મ્હારે આજથી ત્હમારી એ નશીબદાર પુત્રીના સાથે કંઇ પણ લેવું દેવું નથી અને ત્હમને અગર ત્હેને જેમ ધ્યાનમાં આવે તેમ કરજો. જે આવી મ્હોટી રકમ મ્હેં એક પોલકાના પર ફીદા થઈ પાણી કરી તે રકમ જો મ્હારા ગરિબદેશ બન્ધુના લાભાર્થે વાપરી હોત તો પરમાત્માને ત્યાં ત્હેનો સારો બદલો મલત પણ ખેર જે બન્યું તે ખરૂં એમ ધારી આટલેથીજ અટકું છું. વળી તમારી સુધરેલ (!) પુત્રી મ્હારા જેવા જૂલ્મીના પંજામાંથી છુટી તે માટે પ્રભુનો આભાર માનજો. બાદ આજ રોજ મ્હારી તમામ મિલ્કતમાંની ચોથો ભાગ મ્હારા દેશની સ્ત્રીઓને સંગીન કેળવણી અર્થે આપું છું અને બાકીની રકમ મ્હારા ભત્રીજાના નામપર ચ્હડાવીને હું પણ આજે આ સંસારથી છુટો થાઉં છું. કયાં જઈશ તે કહેતો નથી.

લી. ભાગ્યહિન ભાનુશંકર.

આ તરફ મધુરી પિતાની રજા લઈ કાશી તરફ રવાના થઇ. અગાઉ સંકેત પ્રમાણે રસીકલાલ પણ સાથે નીકળી ગયો. થોડે દૂર જઇ બન્ને સાથે થઇ ગયાં. માણસ ધારે કંઇ અને પ્રભુ કરે છે કંઇ! સવારમાં રામને ખબર ન્હોતી કે રાજ્યાસનનો ત્યાગ કરી વનવાસી થવું પડશે. અને તેથીજ કહ્યું છે કે, ન જાણે જાનકીનાથ પ્રભાતે કિંભવિષ્યત્ તેમ મધુરી અને રસીક હવે સ્વતંત્ર બની મુસાફરી કરતાં કરતાં કાશી આવી પહોંચ્યા. ઘરેણા દાગીના અને કપડા લતાં ટંકમાં ભરીને ટંક રેલ્વેના ડબ્બામાં ઉપર મૂકયો હતો. કાશી આવતાં મધુરીએ ટ્રંક માટે ઉપર જોયું ત્યાં શું હતું તે તો કયારનોએ

ગેપ થઇ ગયો હતો. પરાયો પરદેશ પાસે પાઇ મળે નહિ. આખરે ધણી રોઇ કકળી પણ કરેશું ? રસીકભાઇએ પણ પોતાને ઘેરથી ગોટા વાળી તમામ લીધેલી રકમ મધુરીને ટ્રંકમાં મૂકવા આપી હતી તે પણ આ વખતે ધોયેલ મૂળા જેવા આખરે રોતાં કકળતાં બન્ને જણા નીચે ઉતર્યાં પૉલિસને ખબર આપી. ગામમાં ગયાં. બીજું તો ઠીક પણ હવે જવું કયાં અને ખાવું શું અધુરામાં પૂરૂં ભાતનો ડબ્બોએ ઉપડી ગયો હતો. છેલ્લે બન્ને જણ એક ધર્મશાળામાં ગયાં ત્યાં મધુરીને બેસારી રસીક ગામમાં ગયો. દરેક ધંધામાં પૂરો હોઇ હવે ક્યાંકથી ઉઠાવગીરી કરીને એ કંઇક રકમ મેળવવી એમ ધારી કાશી-વિશ્વનાથના મંદિરમાં પહોંચ્યો.

શ્રાવણનો સોહામણો મહિનો ! અને આજે પહેલો સોમવાર. મંદિરમાં એટલી તો ભીડ જામી હતી કે બહાર તે બહાર અને અંદર તે અંદર તેમાં રસીક ધુસ્યો આમ તેમ જોઇ એક શ્રીમંતને પડખે ચહડયો ભાગ્ય યોગે આ ગૃહસ્થના ખીસ્સામાં પૈસાનું ભરેલું પાકીટ હતું. રસીકે ધીમે રહી હાથ નાખીને સેરવી લીધું. પાપનો ઘડો ફુટી ગયો. ગૃહસ્થે બૂમ મારી, લોકોએ પકડયો અને પોલીસને સોંપી દીધો !

આ બાજૂ ધર્મશાળામાં મધુરી રાહ જોઇ જોઇ થાકી સ્હાંજ પડવા આવી પણ રસીક આવ્યો નહિ. પરાયો પરદેશ, એકલી અટુલી બાળા કયાં જાય અને કોની સહાય માગે ? અધુરામાં પૂરૂં પાસે કોડી પણ ના મળે રાત્રી તો ભૂખ્યા તરસ્યા ગાળી. સ્હવાર પડતાં ગામમાં નીકળી. રસ્તે જતાં એક દુકાન પર બેઠેલા એક યુવકપર હેની દૃષ્ટી પડી. જોતાં શરમાઇ સંકોચાઇ નજર ચુકાવી ભાગવા ગઇ; પરન્તુ પેલા યુવકે તેને બરોબર જોઇ. દુકાનપરથી નીચે ઉતરી

મધુરી પાસે આવી ધીમેથી કહ્યું–" ભાભી! ત્હમે અહીં ક્યાંથી આ શબ્દો સાંભળતાં મધુરીથી હવે ન રહેવાયું તે ઝાર ઝાર રડવા લાગી. યુવક આશ્વાસન આપી દુકાન ઉપરના માલપર લઇ ગયો. કુશળ સમાચાર પૂછતાં પ્હેલાં જમવાનો બંદોબસ્ત કરી નાંખ્યો. એ દિવસની ક્ષુધાને મધુરીએ શાન્ત કરી.

જમી પરવારી બન્ને જણુ વાતો કરવા બેઠાં.

પ્રિય વાંચક ! આ યુવક કોણ હતો, તેની હમો ટુંકી ઓળખાણ આપીશું.

આ યુવકનું નામ નરેશ હતું. અને ભાનુશંકરનો ન્હાનો ઓરમાન ભાઈ હતો. અવર નવર અમદાવાદમાં જતો. પાંચ પૈસે સારી રીતે સુખી હતો. મધુરી સખ્ત હ્રદયની હતી; પરન્તુ નરેષના પર ત્હેને બહુ પ્રીતિ હતી. જ્યારે જ્યારે અમદાવાદ આવતો ત્યારે તેનીજ પાસેજ રહેતી. સેવા ચાકરી કરતી. નરેષ પણ ભાભીને એટલોજ ચ્હાતો. નરેષનું હ્રદય આજે આનંદી ન્હોતું. મુખપર શોકની ઊંડી છાયા છવાઇ રહી હતી. બોલતાં બોલતાં આંખમાંથી આંસુઓ સરી પડતાં હતાં અને જાણે મધુરીને કંઇક ભયંકર બાબત સંભળાવવા માગતો એવું સ્પષ્ટ ભાખતું હતું. આખરે એ બાબત વધારે સમય છુપાઇ શકી નહિ. રડતાં રડતાં તે બોલ્યો,—" ભાભી, ત્હમે અચાનક અહીં કયાંથી અને કોની સાથે આવ્યા છો ? "

મધુરીથી નરેષના પ્રશ્નનો જવાબ અપાયો નહિં નીચું જોઇને બેસી રહી. એટલુંજ નહિ. કુવામાં અદ્ધરથી પડતી પાણીની શેર માફક આંખમાંથી અશ્રુની ધારા ચાલી નીકળી. હ્રદય ચીરાવા લાગ્યું. પૃથ્વી નીચેથી સરવા લાગી. આખરે મૌનજ બેસી રહી.

" ભાભી, કેમ બોલતાં નથી ? " નરેષે ફરી પૂછ્યું.

મધુરીથી હવે ન રહેવાયું. સમગ્ર શરીરની તાકાત એકત્ર કરીને બોલી કે " ભાઈ, ભાગ્ય દોરી લાવ્યું. એટલું બોલતાં હૃદયમાં પાછો ડૂમો ભરાઇ આવ્યો અને બોલતી અટકી ગઇ.

ભાભી, હું ત્હમને એક ભયંકર બાબત આ સમયે સંભળાવવા માગું છું અને તે ત્હમારે હૃદયપર પત્થર મૂકીને સાંભળવીજ પડશે. મ્હેં અત્યાર સુધી ત્હમને જે ભાભી કહીને બોલાવ્યાં તે બદલ ત્હમે મ્હને ક્ષમા આપશો. કારણ કે ત્હમે હવે નથી મ્હારાં ભાભી કે હું નથી ત્હમારો દિયર. આજે અમદાવાદથી પત્ર આવ્યો છે અને તે આપ વાંચી જોશો. મધુરીએ ધ્રૂજતા હાથે પત્ર ઉપાડયો અને જેમ જેમ ઉપર દૃષ્ટી ફરતી ગઇ તેમ તેમ હૃદય ચીરાતું ગયું. પત્ર આ પ્રમાણે હતો.

લઘુ બન્ધુ નરેષ !

આ પત્ર જ્યારે લખાવુંછું ત્યારે મ્હારા શરીરની હાલત તદન પરતંત્ર છે તે એટલે સુધી કે પત્ર પૂર્ણ થઇ રહ્યા પછી કલાકે કે બે કલાકે આ નશ્વર સંસારમાં ત્હારો વડીલ બન્ધુ નહિ હોય. બાદ આજે ચાર દિવસ પ્હેલાં ત્હારી ભોજાઇને રજા આપી. મિથ્યા જાળ-માંથી છુટો થયો છું. સાથે મ્હારી તમામ મિલ્કતનું વીલ પણ કરી નાંખ્યું છે તેમાં ત્હારા નામના રૂ. સાત લાખ અલગ કહાડી મૂક્યા છે. બાકીનો ભાગ સુરેશને અને સ્ત્રી કેળવણીના અંગે આપી દઇ હું મુક્ત થયો છું. એજ ભૂલ ચુક માફ કરજે.

લી॰ ત્હારો વડીલ બન્ધુ.

ભાનુશંકર.

તા. ક.—આ પત્ર લખાઇ રહ્યા પછી તુર્તજ મ્હોટા ભાઇ સ્વર્ગવાસી થઈ ચુકયા છે.

પત્ર પૂરો વાંચી રહ્યા બાદ મધુરીને મૂર્છા આવી ગઇ. નરેષે ઉપચાર કરી જગાડી આખરે મ્હોટે સ્વરે રડવા લાગી અને કહેવા લાગી,—" નરેષભાઇ ? હાય હાય ! મ્હારી જીવન નૌકા ભર દરિયે ભાંગી ! હું હિન્દુ વિધવા ગણાઇ મ્હારાં ભાગ્ય ફૂટી ગયાં. એ દેવને મ્હેં બહુ દુભાવ્યા. મ્હારા સુધારામાં આગ ઉઠી. આમ બોલીને તેણે પોતાના હાથથી ચૂડીઓ ફોડી નાખી. ધીમે ધીમે શાન્ત થઇ મધુરીને શાન્ત જોઈ નરેષે ધીમે રહીને પૂછ્યું,—" મધુરી, તમે અહીં કોની સાથે આવ્યાં ? " આ પ્રશ્નનો મધુરીએ લેશ પણ ઉત્તર ન આપ્યો અને જ્યાં બેઠી હતી ત્યાંથી ઉઠીને બારી પાસે ઉભી રહી. વળી ત્યાં નીચે શું જોયું ? રસીકને બે પોલિસો હાથ કડી કરીને લઇ જતા હતા. એકદમ મધુરીએ નરેષને બૂમ મારી આ માણસને શા માટે લઇ જાય છે તે તપાસ કરવા જણાવ્યું. નરેષે નીચે ઉતરી તપાસ કરી તો જણાયું કે, શ્રી વિશ્વનાથજીના મંદિરમાં ચોરી કરી છે ! આ સમાચાર મધુરી સાંભળી તુર્તજ ત્યાંથી કંઇ પણ બોલ્યા ચાલ્યા વિના નીચે ઉતરીને ચાલતી થઇ. નરેષ પકડવા દોડયો પણ આખરે હતાશ બની પાછો ફર્યો. કયાં જાય છે અને કયાં જવું છે ? તેનો લેશ પણ વિચાર મધુરીના હ્રદયને આ સમયે ન્હોતો બસ ! નીચું ઘાલીને ઉતાવળે પગે ઉજી બજારે દિવાનીના માફક દોડી જતી હતી.

એટલામાં પાછળથી કોઈ એ ઓ, મધુરી બ્હેન ! કહીને બુમ મારી મધુરીએ પાછું ફરીને જોયું તો પોતાનો રસોયો ભોળો ભટ પરસેવાથી તરબોળ બની દોડયો આવતો હતો. મધુરી ઉભી રહી એટલામાં ભોળોભટ પાસે આવી બોલ્યો,–અરે બ્હેન, તમને આજે

ત્રણ દિવસ થયાં શોધી શોધી શોધીને મારા તો ટાંટીયા ભાંગી ગયા પણ પત્તોજ ના મળે." તમે અહીં ક્યાંથી? મધુરીએ પૂછ્યું. મને બાપાજીએ તમારી પાછળ મોકલ્યો છે અને આ પોટલું તથા પત્ર મોકલાવ્યાં છે." ઠીક પણ તમે ઉતર્યા છો ક્યાં? દશા અશ્વમેધમાં આપણા ગોર રહે છે ત્યાં બાપાજીએ ચીઠ્ઠી લખી આપી હતી અને આપને માટે પણ ત્યાંજ ભલામણ કરી છે તો હવે ત્હમે મ્હારી સાથે ચાલો. મધુરી ભટના સાથે ચાલી નીકળી બન્ને ગોરને ત્યાં આવી પહોંચ્યા. હાથ પગ ધોઇ મધુરી પિતાનો પત્ર વાંચવા બેઠી

પ્રિય પુત્રી મધુરી.

ત્હારા ગયા પછી ભાનુશંકર પોતાની તમામ મિલ્કતનું વિલ કરી ગુજરી ગયા છે. જેમાં ત્હારા નામની એક પાઈ પણ રાખવામાં આવી નથી. ગામમાં અવનવી બૂમો ઉડે છે. અને હું લોક લજ્જાથી મુંજાઈ ગયો છું તો હાલ બેચાર માસ તું કાશીમાં જ રહેજે પૈસા ટકા જોઇએ તેમ મંગાવી લેજે ભટની સાથે ત્હારી કેટલીક ઉપયોગી ચીજો અને ભાનુશંકરનો પત્ર તથા પોલકું મોકલ્યાં છે. ગભરાઇશ નહિ. પરમાત્માએ જે કર્યું તે ખરૂં ભાનુશંકર જેવો પુરૂષ હવે આપણા કુટુંબને આ ભવમાં તો મળવાનો નથી પણ તેમાં આપણો ઉપાય નથી.

લી. ધમાલશંકરના આશિરવાદ.

પત્ર પુરો વાંચી રહ્યા બાદ મધુરી ત્યાંથી ઉભી થઈ ગંગા કિનારે પોલકું લઈને આવી અને સ્વગત્ બોલી નાથ! હવે આ પાંચ લાખના પોલકાથી બીજા દશ લાખ નથી લેવા પણ પાંચ લાખજ બસ છે. એમ કહીને જાન્હવીમાં કુદી પડી! શાન્તિ.

સખીની સલાહ.

ચંપા—અલી તારા ! આ ત્હારા શીરના કેશો આવા ચીકણા અને ખરાબ શાથી થઇ ગયા ?

તારા—શું તું નથી જાણતી ? આજ કાલ સારાં સુગંધીદાર તેલો મળેજ છે ક્યાં ?

ચંપા—જારે ગાંડી, ત્હને ખબરજ ક્યાં છે ! હું તો આજે ૭ માસ થયાં મી. એમ. એમ. મણીયારનું બનાવેલું ખાસ સુગંધીદાર આંબળાનું તેલજ વાપરૂં છું અને તે તેલે તો મ્હારૂં જીવન જ સુધારી દીધું છે. આ તેલ શુદ્ધ દેશી તલશીના તેલ અને વનસ્પતી-માંથીજ બનાવવામાં આવે છે, વળી ખરના બાળને અટકાવવામાં કેશને સુંદર અને ચમકદાર બનાવવામાં અને સુંદરતામાં વધારો કરવામાં જો કોઇ ઉત્તમમાં ઉત્તમ તેલ હોય તો તે આજ છે અને મ્હારી તો ત્હને ખાસ સલાહ છે માત્ર એક વખત અનુભવ કરીજો.

તારા—ઓહોહો ! તેં તો મણીયારનાં તેલનાં ખૂબ વખાણ કરી નાંખ્યાં, પણ અલી બતાવતો ખરી કે તેનું ઠેકાણું ક્યાં છે ?

ચંપા—મેર ગાંડી એટલીએ ખબર નથી ? અમદાવાદનું એકે એક બચ્ચું પણ જાણે છે કે, મી. એમ. એમ. મનીયારની હાકવા ચોકીના સ્હામેજ મ્હોટી દુકાન છે અને જ્યાં માત્ર તે તેલજ નહિ પણ ઉપયોગી દરેક ચીજો જેવી કે, કાચની સુંદર બંગડીઓ અને બીજી અનેક ચીજો મળે છે.

તારા—ચાલ ત્યારે અત્યારેજ ત્યાં જતાં આવીએ.

તાકીદે નામ નોંધાવો.

અમારા તરફથી હવે બહાર પડનારાં પુષ્પો. ત્રાસો વણકર—આ ત્યંજ જાતિના આપણી સાથે આપણું વર્તન કેવું છે, તેહને સહાનુભુતિ ન મળવાથી તેની કેવી દશા થાય છે અને આખરે તે જાતિ પોતાના સ્વબળે કેટલી ઉન્નતિ મેળવે છે તે આ પુસ્તક વાંચવાથી જણાઇ આવશે.

હિન્દુ વિધવા—ભારત વર્ષની વિધવાઓના સંબંધમાં તે કંઇ લખવા જેવું જ નથી. કારણ કે દેશની ભૂમિ તેના આંસુઓથી ભીંજાઇ રહી છે. આ મુકમાં તેવી વિધવાઓની હૃદયભેદક દશા જો સ્પષ્ટ જોવી હોય તો જરૂર એક વખત વાંચો. દરેકની કિં. ૦—૨—૦

નામ નોંધાવાનું ઠેકાણું.

એમ એમ. સુનીઆર ઢીંકવાચોકી. અમદાવાદ.

ગિરધરલાલ ભાણજી ઠક્કુર કાળુપુર ટંકશાળ.

ત્રણ દરવાજે હિન્દુ–મુસલમાન ભાઇઓની જબરી ભીડ.

મોસમ ગરમીની છે, મગજ ગરમીથી ઉકળી રહ્યાં છે જુઓ ત્યાં તાપ તાપ અને તાપ! અધુરામાં પુરૂં વળી આજ વારનો દિવસ એટલે પુછવું શું? છતાં આ એક જ દુકાનપર આ બધી ધમાલ શાની? આ ધમાલમાં આ બાલ વૃદ્ધ અને યુવકો ઉભા છે. કોઇ રસીલાં યુવકો સેન્ટ, અત્તર, સુગંધી તેલો અને સાબુ ખરીદી રહ્યા છે ત્યારે કોઇ ભાવિક ભક્તો પોતાના ઇષ્ટ દેવને રિઝવવા પવિત્ર અગરબતી અને પુજા સામગ્રીઓ લઇ રહ્યા છે. પણ આ દુકાન કોની?

જવાબ:—સરૈયા મોતીલાલ છગનલાલની.